રણશિંગું.



સુણી વીર શસ્ત્રને સજતા. ન ડરતા લેશ જે ભયથી;
નમર્દો દૂર ન્હાસે છે. સુણી મહસાજ રણશિંગુ.
મરણીઆ માનને ખાતર. ગણે છે જાનને બ્હેતર;
કપાવે યુદ્ધમાં ગરદન. સુણીને કાન રણશિંગુ.

"નિરંજન."

ॐ

કાવ્યરસિક સજ્જનોને ખુશખબર.

બહાર પડી ચુકી છે.

નિરંજન—

કાવ્ય શતક.

જેમાં ઉત્તમ પ્રકારનાં જુદા જુદા છંદોમા લખાએલાં સો કાવ્યોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. કાવ્ય રસિક સજ્જનોને વાંચવાની ખાસ ભલામણ છે. કિંમત રૂ. ૧-૦-૦

મળવાનુ ઠેકાણું.

શા. મણીલાલ રણછોડદાસ.

ધનાસુતારની પોળમાં વેરાઈપાડો,

અમદાવાદ.

ॐ

રણશિંગુ.

લેખક.

નિરંજન.

વાડીલાલ ઈશ્વરલાલ શાહ.

ઉવારસદ.

પ્રકાશક,

શા. મણીલાલ રણછોડદાસ ઊવારસદવાળા.

સાંપ્રતનિવાસ ધનાસુતારની પોળમાં વેરાઈપાડો,

અમદાવાદ.

શ્રી લક્ષ્મી પ્રિન્ટીંગ પ્રેસમાં શા. મણીલાલ ઉગરચંદે છાપ્યું

રીચીરોડ,-**અમદાવાદ.**

સન ૧૯૨૪. સંવત ૧૯૮૦.

પ્રત ૧૦૦૦. બીજી આવૃત્તિ.

મુલ્ય ૦-૪-૦

પ્રકાશકના બે બોલ.

ભાઈ નિરંજનથી તથા તેમના કાવ્યોથી હું ઘણા દિવસથી પરિચીત છું. તેમનાં કાવ્યો સન ૧૯૨૧ માં છપાએલાં અને સમાજે પણ તેનો સારો સત્કાર કરેલો. તેની બે હજાર નકલો તેજ આરસામાં ખપી ગએલી. આજે તેમાં વધારો કરી બીજી આવૃત્તિ ગુર્જર સાહિત્ય રસિકોના કરકમળમાં સાદર કરી કૃતાર્થ થાઉં છું.

લી. સેવક,

મણીલાલ રણછોડદાસના

સવિનય પ્રણામ.

નિવેદન.

પ્રસ્તુત પુસ્તકની પ્રથમાવૃત્તિ સન ૧૯૨૧ માં અમદાવાદમાં ભરાએલી મહાસભાના માંગલીક પ્રસંગે પ્રસિદ્ધ થઇ હતી. તેનાં પ્રથમનાં સાત કાવ્યો તેજ પ્રસંગાનુસાર લખાએલાં છે. કેટલાક સુધારા વધારા સાથે બીજી આવૃત્તિ પ્રગટ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થવા માટે પરમ કૃપાળુ પરમેશ્વરનો આભાર માનું છું.

સ્વલ્પ સેવા કાવ્ય રસીક સજ્જનોની સેવામાં સાદર કરી દોષને માટે માફી ચાહુછું.

યોગ્ય સુચના સાભાર સ્વીકારવામાં આવશે. દ્રષ્ટિદોષથી રહેલી ભુલો સુધારી વાંચવા વિનંતિ છે.

લી. સેવક,

નિરંજન.

સમર્પણ.

ભાઈશ્રી મણીલાલ રણછોડદાસ.

આપના પવિત્ર અને સાત્વિક હ્રદયમાં રહેલા મ્હારા પ્રત્યેના અપ્રતિમ સ્નેહથી આકર્ષાઈ આ સ્વદેશ ભક્તિ પ્રેરક કાવ્યોની દ્વિતીયાવૃત્તિ સ્નેહ પુર્વક સમર્પણ કરૂંછું તે સ્વીકારશોજી.

લી. શુભેચ્છક,

નિરંજન.

ૐ

રણશિંગુ.

ગઝલ.

શુરા સમરાંગણે તેડે, ત્હમોને આજ રણશિંગુ;
હૃદયમાં શૌર્યને રેડે, રસીલું સાજ રણશિંગુ.
સુણી વીર શસ્ત્રને સજતા, ન ડરતા લેશ જે ભયથી;
નમર્દા દૂર ન્હાસે છે, સુણી સહસાજ રણશિંગુ.
મરણીઆ માનને ખાતર, ગણે છે જાનને બ્હેતર;
કપાવે યુદ્ધમાં ગરદન, સુણીને કાન રણશિંગુ.
મુસલમીન, પારસી, હિન્દુ, સુણો સૌ હિન્દના દોસ્તો;
કહે કંઈ ગુપ્તને સાચું, ત્હમારા કાજ રણશિંગુ.

ભારતી પ્રાર્થનાષ્ટક.

ગઝલ.

મળી સૌ બાળકો યાચે, તમારી સ્નેહની છાયા;
દીઓ આશીષ સુખદાતા, મયાળી ભારતી માતા !
અમારૂં ઈષ્ટ કરવાને, થયા તૈયાર મરવાને;
ધીરજતા આપજો શાતા, મયાળી ભારતી માતા !
તનય તમ દિવ્ય કિર્તીની, મહુત્તા લોપ કરશે ના;
ગુણી છો સર્વની જ્ઞાતા, મયાળી ભારતી માતા !
અડગતા સંપને સાધી, તજીશું અન્ય ઉપાધી;
અમારા હિતની ત્રાતા, મયાળી ભારતી માતા !
સુધામય સ્નેહની દ્રષ્ટિ, કરી કાપો થતી કષ્ટી;
અમે સૌ ચર્ણરજ ન્હાતા, મયાળી ભારતી માતા !
વદીશું સત્ય શિર સાટે, મરીશું દેશને માટે;
અચળ એ ધર્મની ધાતા, મયાળી ભારતી માતા !
ફરજ સાચી અદા કરવા, નિડરતા નિત્ય ધારીશું;
ફરીશું મસ્ત મદમાતા, અમારી ભારતી માતા !
નિખાલસ દિલથી નિત્યે, ધરી એકાગ્રતા ચિત્તે;
ગઝલમાં ગાન તમ ગાતા, મયાળી ભારતી માતા !

તપોવન.

ત્રોટક અને શાર્દૂલ વિક્રિડીત.

ગભીરી મધુરા રવથી વહતી;
ગતિ વેગવતી ધરી સાભ્રમતી.
અતિરમ્ય ઘટા તટ વૃક્ષ તણી;
કૃતિ કુદ્રતની પ્રસરી ખમણી.

૨

દર્શનાતુર લોક આ વન મહીં ભાવિક આવે ધસ્યા;
સિદ્ધિ સાધક યોગીઓ દૂર થકી આવી અહીં છે વસ્યા.
જેના તેજ થકી તપોવન સમું આ સ્થાન શોભી રહ્યું;
જાણે કે અહીં રામરાજ્ય પ્રસરી શાન્તિ સમર્પી ગયું.

૩

દીસતી કુટીઓ ઋષિ દેવ તણી;
દીપતી નિકટે દસદિશ ઘણી;
મૃગ બાલ તટે સ્વચ્છંદ ફરે;
પશુ પંખી સહુ નિર્ભય વિચરે.

૪

દેવો છે વસીયા તજી સ્વરગને તેત્રીસ કોટિ અહીં;
આર્યાઓ કુમળી વસી કુળવતી ક્રિડા કરે વલ્લરી;
ખેલે બાલક વૃંદ આ ઋષિ તણાં સૌભાગ્ય શાલી સદા;
આવેના અઘ આફતો અવનીની આ સ્થાનમાંહી કદા.

૫

મુની આ સૌ ઉગ્ર તપે તપતા;
વ્રત પાલન કષ્ટ સહી કરતા;
નવ શોક કદી ઉરમાં ધરતા.
સમતા ધરી મસ્ત મને ફરતા.

૬

શાન્તિ સંયમ સુત્ર એ શીખવતા જે પાસ આવે જનો.
ને આભાસ કરાવતા અણમુલા વીતી જતા કાળનો.
ઊઠાડે વીર શંખનાદ શ્રવણે ફુંકી સુતા કેસરી
સેવાભાવ ધરે સદૈવ હૃદયે આરાધના આ ધરી.

૭

ન ડરે નચળે દ્રઢ મેરૂ સમા;
ધ્વજ છે કરમાં ધરીયા ઉજળા.
ભર્યું હસ્ત કમંડલ પ્રેમ જલે;
કરતું મૃત અંગ સજીવન એ.

૮

દિન દેશ દુઃખે દિલમાં બળતા, અતિ એજ ઉચાટ દિલે ધરતા;
અમ સહાયક નાયક દેશતણા, ઋષિઓ સહુ આજ અહીં વસીઆ.

આવાહન.

ગજલ.

પધારો દેશના વીરો, કૃપાળુ કષ્ટ હરવાને;
અમારા દુઃખની વાતો, ધીરેથી કાન ધરવાને.
અધીરા સુણવા આતુર, બનેલા મસ્ત મનડાની;
ઉછળતી આ અતિ છોળો, સમાવી શાન્ત કરવાને.
અમારી વૃધ્ધ માતાઓ, નીહાળે રાહ વ્હેનો બહુ;
બટુકો બાલીકાઓ સૌ, બની ઉત્કૃષ્ટ મળવાને.
તજીને સ્વાર્થ દ્રષ્ટિને તમે પરમાર્થ પોષ્યો છે;
શુરાઓ દેશને માટે, થયા તૈયાર મરવાને.
સુખી કે દુઃખના દિનો તણા સાચા તમે સંગી;
પધારો દેશના પુત્રો, વધાવું વ્હાલના પુષ્પે.

"અમારા આંગણે આજે."

ગઝલ.

પ્રજામાં સ્નેહનાં સુત્રો, પ્રસાર્યા પ્રેમથી જેણે,
પધારે દેશના હીરા, અમારા આંગણે આજે.
અમારા દેશના દુઃખે ઉદાસી ઉર ધારીને;
વડિલ અમ બાપુના વીરા, પધારે આંગણે આજે,
સુભાગી સર્વ ભક્તોનાં, અરે દર્શન થશે અમને;

વળી કુંકુમનાં પગલાં, પડે અમ આંગણે આજે.
બનીને પાક સર્વેએ, શહેરને સાફ કીધું છે;
ધ્વજા અમ દેશની કીર્તિ, ફરૂકે આંગણે આજે.
ગયા છે બાયલા ન્હાસી, અમારા અન્ય સાથીઓ.
વીરો આ કેસરી જેવા, તડુકે આંગણે આજે.
અમારાં વીર વાજીંત્રો, ગરજતાં મેઘ ગર્જનથી;
નરોના નેકની નોબત, ગગડતી આંગણે આજે.
મળેલા દેશના મિત્રો, તણો સત્કાર કરવાને;
મળી છે મેદની ઝાઝી. અમારા આંગણે આજે.
રહીમને રામ આવ્યા છે, પધાર્યા પારસી બંધુ;
સખા સ્વર્ગીય શોભા છે, અમારા આંગણે આજે.

મંગલ.

ગઝલ.

રહ્યું છે નેક કામોમાં, સદા વિરાજતું મંગલ;
ઘરેઘર ગામ ગામોમાં ભરાયું ભાસતું મંગલ.
કુસંપી કલેશ ઝગડાથી, ધરાયા રક્ત રગડાથી;
હવે તો હિંદ આ હર્ષે, મઝાનું માગતું મંગલ..
અદલ ન્યાયી અદાલતમાં, ઘરોમાં રંક લોકોના;
વળી શ્રીમંત ધામોમાં, રસાઈ રાજતું મંગલ.

નિશાના ઘોર અંધારે, ઉજાસી આપતું મંગલ;
ઘણાં ગર્વિષ્ટ હૃદયોમાં, લપાયું લાગતું મંગલ.
અરે છે દિન આ મંગલ ઘડી પળ માસ છે મંગલ,
વળી છે વર્ષ પણ મંગળ, થજો અમ દેશનું મંગલ.

મ્હેમાનગીરી.

ગઝલ.

સુણો મોંઘા અમારા સૌ, મળેલા પુજ્ય મ્હેમાનો,
હજારો ખોટને ખામી, હશે મ્હેમાનગીરીમાં.
બન્યું છે જે અમારાથી, ધર્યું છે આપ સેવામાં,
વિરમીએ વ્હાલ વર્ષાવી, વીરા મ્હેમાનગીરીમાં.
ધરીશું ભાવની ભેટો. ચરણમાં આપના હર્ષે,
નવિન કૈં અન્ય સામગ્રી, નથી મ્હેમાનગીરીમાં.
સુચવજો ભૂલ ભક્તોથી, થએલી સ્નેહની શાણા,
ચહો તે માગજો પ્યારા, ખડા મ્હેમાનગીરીમાં.
અમોને માફ સૌ કરજો, પડી તકલીફ જો તમને,
થયું ઓછું કંઈ વત્તુ, કદી મ્હેમાનગીરીમાં.

મંગલ મહોત્સવ

હરિગીત.

પ્યારા પ્રભામય દિવ્ય કિરણો, આજ અમ આવાસમાં,
જો વર્ષતો છે વિશ્વનો સૌ, હર્ષ આ ચોપાસમાં.
રેલાય છે સાચો સુધામય, સ્નેહ સર્વ સમાજમાં,
પ્રિય આજ છે ઉગ્યો સુનેરી, સૂર્ય અમદાવાદમાં.

૨

શણગારીઆં ચૌટાં અને સૌ ચોક દિવ્ય દમામથી,
સાદી સજાવી છે દુકાનો ને મકાનો ભાવથી.
અલકાપુરી સમ ઓપતું, અમ શહેર જો આબાદમાં,
ઉજવાય છે ઉત્સવ અનેરો આજ અમદાવાદમાં.

૩

પાળી રજા છે સર્વને, મન માનતું ત્યાં મહાલવા.
શાન્તિ અને સુખો સહુમાં, સ્નેહથી સંભાળવા,
આવી વધાવા સુંદરી સૌ, સ્વર્ગની આકાશમાં
વીર દેશના ભક્તો પધારે, આજ અમદાવાદમાં,

૪

પ્રિય **લાલ પાલ** પધારશે, **કવિરાજ** સાથે લાવશે,
મન માનતા **મહંમદ** અને, **શૌકત** સુહાગી આવશે.
ચોંટી રહી અમ ચિત્તની વૃત્તિ વિરાગી **દાસમાં**,
મોહન, મદન, મોતી, પધારે આજ અમદાવાદમાં.

૫

અરવિંદ હિંદ તણા અરે, નિજ પાદ અમ વાસે ધરે,
પંડિત નેહરૂ પ્રેમથી અમ, આંગણું પાવન કરે.
સરલા, સરોજની આવતાં વૃદ્ધિ થશે સૈ સાજમાં;
સન્નારીઓ સ્નેહે પધારે, આજ અમદાવાદમાં.

૬

જીવન મહીં ચેતન નવું, બળ બાળ વૃદ્ધ યુવાનમાં;
દૈવી દયાની દેવીઓ દેતી દુઆ કૈં દાનમાં.
ના શોકની છાયા દીસે, લવલેશ પણ સમશાનમાં,
આનંદ વૃષ્ટિ વરસતી છે, આજ અમદાવાદમાં.

૭

ઘેલા થયા દર્શન તણા, બંદા બહાદુર પ્યારના;
અતિ સ્નેહ આકર્ષણ થકી, આવ્યા જનો બહુ બ્હારના.
મેળો મહા દેવો તણો, આ આવતો આભાસમાં;
ઝંડો ફરૂકે રેંટીઆનો, આજ અમદાવાદમાં.

૮

સૌ દેશના સજ્જન પધારીને વધારો હર્ષને !
ઉન્નત મનેથી આપજો, આશીષ આ ઉત્કર્ષને.
માગી તમે લેજો પ્રિય નવ હોય જે તમ પાસમાં !
સેવક સહુ તૈયાર ઉભા, આજ અમદાવાદમાં.

અ-સહયોગ.

ગઝલ.

અમે આ યોગ ધાર્યો છે, ધિરજને ધારવા માટે;
સકળનાં સુખ ને શાન્તિ, સદા સંભાળવા માટે.
પળ્યા સૌ પ્રેમના પંથે, અનાથો પાળવા માટે;
નહી કે હિંદના શત્રુ, સુણીને મારવા માટે.

(૨)

અમારો યોગ આ છે ના, અવરને તોડવા માટે,
ચહીએ સ્નેહ સાંકળથી, સહુને જોડવા માટે.
ચલાવ્યો રેંટીઓ પ્યારો, કમાઇ ખોલવા માટે;
નહીં વ્યાપાર પરદેશી, પ્રજાનો બોળવા માટે.

(૩)

અ-સહયોગી થયા સર્વે, ખરૂં જે બોલવા માટે,
વળી ન્યાયે તપાસીને, હૃદયથી તોલવા માટે.
પ્રપંચી લોકનું પોગળ, પ્રજામાં ફોડવા માટે,
નહીં કે દુઃખને દેખી, ડરીને ડોલવા માટે.

(૪)

અમારા શાન્ત સંગ્રામે, લડે છે મર્દને નારી,
ખડી આ ફોજ મ્હોટી જે, નહી હથીઆર ધરનારી.
ગુજરતાં સખ્ત સંકટને, કરી સત્કાર સહનારી,
પ્રસંગે દેશને માટે, વિના દરકાર મરનારી.

(૫)

અમારા સૈન્યની અગ્રે, રહ્યા રણધીર ગાંધીજી,
સહુના હિતની વાતો કહે ગંભીર ગાંધીજી.
પ્રજાના માટ સંકટ સૌ, સહે એ વીર ગાંધીજી,
નહીં કે અન્યને દૂષે, કરે તદબીર ગાંધીજી.

(૬)

અ-સહયોગી થયા એતો, કરે ના જાનની પરવા,
નહી મ્હોટા થવા માટે, અગર ના માનની પરવા.
રહ્યા તો રંગ મ્હેલોમાં, નહી સમશાનની પરવા,
ફક્ત આ ધર્મના યુદ્ધે, ધરી છે ધ્યાનની પરવા.

(૭)

અમે આ વેશ ધર્યો ના, ભલા મિત્રો ભમાવાને,
નથી ઉન્મત્ત બનીઆ કૈં, ગરીબોને રડાવાને.
સહીને સંકટો સ્નેહે, અચળ શાન્તિ જમાવાને,
વીરો જો દેશ તાર્યોના, જનમીઆ ભાર ભરવાને.

(૮)

વફાદારી અમારી છે, અચળ અમ પ્યારની પ્રત્યે,
સદાની છે વળી સાચા, શુરા સરદારની પ્રત્યે.
રહી છે શુભ્ર ખાદીના, અનુપમ વેષની પ્રત્યે,
અરે હંમેશને માટે, અમારા દેશની પ્રત્યે.

" સત્યાગ્રહી સાધુ "

ગઝલ.

સદાએ સત્યને માટે, નિડર નિશ દિન લડનારા,
તસુ પાછા ન હઠનારા, કહી સત્યાગ્રહી સાધુ.
જુઠાણાને જલાવીને, જગેથી ખાક કરવાને,
નહી દરકાર ધરનારા, ખરા સત્યાગ્રહી સાધુ.
રસીલાં સત્યનાં સુત્રો, પ્રસરવાને પ્રજા માંહી;
કદીના શાંત ઠરનારા, પુરા સત્યાગ્રહી સાધુ.
સજાના સખ્ત ફરમાને, કડીથી કેદ કરવાથી,
કહે જે તે કરે સાચું, શુરા સત્યાગ્રહી સાધુ.

ચમકતી હો ભલે શૂળી, અગર ફાંસી તણા ફંદે,
ધરેના કાળજુ કાચું, મરે સત્યાગ્રહી સાધુ.
શુરાઓ શાન્ત સંગ્રામે, લડે છે દેશને માટે,
સ્વદેશી વેષ ધારીને, ફરે સત્યાગ્રહી સાધુ.
ગુલામી તોડવા માટે, ઝુઝે છે શિરને સાટે,
કુસંપી કલેશ બાળીને, લડે સત્યાગ્રહી સાધુ.
ઘુઘવતાને ઉછળતા આ, મહા મસ્તાન અરણવમાં,
સદાએ સત્યંના તુંબે, તરે સત્યાગ્રહી સાધુ.

" નહી મન હિન્દનું માને "

ગઝલ.

ગયા એ દિન પહેલાંના, નભેના હાલ તો મ્હાને,
નકામા વાદ વદવાથી, નહી મન હિન્દનું માને.
પધાર્યા છે ફલાણાને, ફલાણા આવવાના છે,
હવે તો લેશ ડરવાથી, નહી મન હિન્દનું માને.
અચળ વિશ્વાસ બેઠો છે, અમારા આત્મમાં અમને,
લગીરે લાંચ લાલચથી, નહી મન હિન્દનું માને.
અમોને બંધના જેવું, ત્હમારૂં તંત્ર ભાસે છે,
સુકો સહકાર કરવાથી, નહી મન હિન્દનું માને.
વિદાર્યા છે હજારોને, હજારો મારવાના છે,
સખત એ શબ્દ સહવાથી, નહી મન હિન્દનું માને.

" વિદેશી વસ્ત્રની હોળી "

ગઝલ.

કરી છે હિન્દના પ્યારા, પનોતા સર્વ પુત્રોએ,
પ્રતિજ્ઞા પાર એ પડવા, વિદેશી વસ્ત્રની હોળી.
ધરી છે હસ્તમાં વિદ્યા, હતી વિખ્યાત જે વિશ્વે,
ફરી ઉદ્ધાર આદરવા, વિદેશી વસ્ત્રની હોળી.

અમારા દેશની લક્ષ્મી, સુદર્શન સર્વ સદનોનું,
ચલાવી રેંટીઓ કરશું, વિદેશી વસ્ત્રની હોળી.
ફકીરોને અમીરોએ, મકાનો પાક કીધાં છે,
શરીરે સાફ સહુ બનવા, વિદેશી વસ્ત્રની હોળી.
મુસલમીન, પારસી, હિન્દુ, મળી સંગાથ સળગાવે,
સ્વદેશી શુદ્ધ વાપરવા, વિદેશી વસ્ત્રની હોળી.

સ્વાર્પણ.

મંદાક્રાન્તા.

વીંટાએલાં, દ્રઢ દુઃખદ જે, બંધનો તોડવાને,
ને સર્વેને, સરળ પથમાં સંપથી જોડવાને,
સંભાળીશું, સરવ તજીને, શારદા સાધકોને,
અર્પીશું આ, જીવન સઘળું, હિન્દના બાળકોને.

૨

જે છે માર્ગો, કઠીન અપરા, સર્વ સ્હેલા બનાવા,
ને સુયત્ને સ્વજન સહુમાં ઐકયતાને જમાવા,
સંતોષીશું, તન, મન, ધને, દેશ સુધારકોને,
અર્પીશું આ, જીવન સઘળું, હિન્દના બાળકોને.

૩

છે ભાવીનો, ઉદય ઉજળો, હસ્ત જેના થવાનો,
ને છે જેને, જીવન પથમાં, વખ્ત આ પેસવાનો,

પોષીશું રે, પ્રણયસહૂ એ, વીર્યના પાળકોને,
અર્પીશું આ, જીવન સઘળું, હિન્દના બાળકોને.

૪

સ્નેહે અર્પી, ધન સરવદા, વંધ વિદ્યાલયોમાં,
સાચા ભાવે, મગન રહીશું, દિલના આશયોમાં,
ધારીશું આ હ્રદય પટમાં, ધર્મના ધારકોને,
અર્પીશું આ, જીવન સઘળું, હિન્દના બાળકોને.

૫

પોતા માટે, સહન કરશું, સર્વ કષ્ટો પડે જે,
ને કાપીશું, પથ વિચરતાં, કંટકો જે નડે તે,
પૂજીશું રે, સહન કરીને, આત્મ ઉદ્ધારકોને,
અર્પીશું આ, જીવન સઘળું, હિન્દના બાળકોને.

સમાજ શુદ્ધિ.

સવૈયા.

સુધરેલી સંસ્થાઓ સ્થાપી, સુધારવાને સર્વ સમાજ
સુધરેલા કહેવાયા શાણા, શુદ્ધિ સહુની કરવા કાજ
વાણી વપુએ સાફ થએ શું ? અંતર કલેશ ન લેશ કઢાય
સમાજના સુધર્યા વણ શાણા, સ્વરાજ સાચું કેમ સુહાય

૨

માત મરો કે તાત મરો, સંગાથ ત્હમે સૌ સાથ મરો
ખાવાનું અમ ખાઇ ગયા તે લાજ ધરો તો આજ ભરો

ગોરિ કરો ઘર બાર ભલે પણ, કારજ આવ્યું નવ રોકાય,
સમાજના સુધર્યા વણ શાણા, સ્વરાજ સાચું કેમ સુહાય ?

૩

ગઈ કાલે પરણાવી જેને, આજે વિધવા થઇ તે બાળ,
અવનીમાં અધિકારન ત્હેને, ગણવા કો નિજનો આધાર,
અણજાણે આ આફત જેવી, ફરજ બાળ પર કેમ લદાય ?
સમાજના સુધર્યા વણ શાણા, સ્વરાજ સાચું કેમ સુહાય ?

૪

બાળ શું જાણે પ્યાર હુશેશું, મનથી સમજે પરણ્યો નાર,
બાળા બાપ તણા કહેવાથી, ભાવિનો ગણતી ભરથાર,
ખોડભર્યાં જોડાં જોડેલાં સ્વપ્ન મહીંએ સુખીઆં થાય ?
સમાજના સુધર્યા વણ શાણા, સ્વરાજ સાચું કેમ સુહાય ?

૫

સુખ ઇચ્છે જગના જન સઘળા, મેળવવા નવ સ્વલ્પ પ્રયાસ;
આદરતા તો અધવચં મુકે, સુખનો નવ થાતો આભાસ,
રાક્ષસી એ રૂઢી રાષ્ટ્રને, દિનદિન ઝાઝી ગળતી જાય,
સમાજના સુધર્યા વણ શાણા, સ્વરાજ સાચું કેમ સુહાય ?

૬

નિકટ સબંધે તન મન જેવાં, પંખીને જ્યમ પાંખ સુહાય,
રાજકીય ને સામાજીક એ, રાષ્ટ્ર તણા બે પાદ ગણાય,
સરખા બંને સર્વ રીતે તો, એક સમુળે કેમ ભુલાય,
સમાજના સુધર્યા વણ શાણા, સ્વરાજ સાચું કેમ સુહાય ?

" સ્વદેશી વાપરો ખાદી. "

તજીદો મોહક મલમલકે, વિદેશી અન્ય કાપડનો,
ચહો જો હિન્દ આબાદી, સ્વદેશી વાપરો ખાદી !
પવિત્રાઈ તણી પ્યારી પ્રતિમા એક અવનીમાં,
સુકોમળ, શુભ્ર, નેસાદી, સ્વદેશી વાપરો ખાદી !
તણાઈને વણાઈ દેશનાં વ્હાલાં કુટુંબોથી,
પુરાણા પુણ્યની યાદી, સ્વદેશી વાપરો ખાદી !
અનુપમ અંગ પર ધરવા, સુગમ છે અન્ય સાધનમાં,
બને તકીઆ અને ગાદી, સ્વદેશી વાપરો ખાદી !
વસાવી વસ્ત્ર પરદેશી, લુંટાવી દેશની ઈજ્જત,
કીધી બેહાલ બરબાદી, સ્વદેશી વાપરો ખાદી !
ચહીલો આઝાદી હિન્દી, બનીને શુભ મુહુરતમાં,
પ્રસાદી દેશની તાજી, સ્વદેશી વાપરો ખાદી !

---o---

" હમારા હિંદને માટે "

અમે બસ માલ મિલ્કતને, થઇ આધિન કિસ્મતને,
તજી કર ખાક ધારીશું, હમારા હિન્દને માટે.
બધી દુનિયા તણા બંધો, નિબંધો ને પ્રબંધો જે,
પળે વિપળે વિહારીશું, હમારા હિન્દને માટે.

ઘરા, ધન, ધામ, છોડીને, સબંધી સ્નેહ તોડીને,
વિકટ કો પંથ ધારીશું, હમારા હિન્દને માટે.
અમે બસ રાહ રાનીમાં, વિચરશું વ્હાલ આણીને,
વિપત્તિને વિસારીશું, હમારા હિન્દને માટે.
સુસેવક દેશના થાઓ, સહુ દેશીનું હિત ચાહો !
અધિકમાં એ ઉચારીશું, હમારા હિન્દને માટે.

અમારી રાષ્ટ્રિય પતાકા.

ગઝલ.

જમી પર આસમાં અંદર, હશે સંતાન ભારતનો
અવિચળ ત્યાં સુધી રહેશે, પતાકા દેશની પ્યારી;
સહેશે ઘા ઘણા હોંશે, ન ડરશે વીર ભારતનો;
સમય પર શિરને ધરશે, પતાકા રક્ષવા પ્યારી;
અમારૂં માન ને ઇજ્જત, ભુષણ અમ ભવ્યભારતનું
સહુ હિન્દી તણા હૃદયે, પતાકા એ વસી પ્યારી.
નહી અપમાન સહી શકશે, થતું સાક્ષાત ઈશ્વરથી
પછી દરકાર શાની છે, પતાકા રક્ષવા પ્યારી
નથી બળવાન સત્તા કો નમાવા એ પતાકાને.
સદા સાષ્ટાંગ દંડવત્ હો અમારા એ પતાકાને.

" મરાયા તોય જીવતા છે "

ગઝલ.

ધરેલો ટેક સાચવવા, વદેલાં વેણને પળવા;
ઝુઝીને યુદ્ધના જંગે કપાયા તોય જીવતા છે
સદાએ સત્યને કે'તાં, હજારો કષ્ટને સ્હે'તાં,
જઇને જેલની જાળે, પુરાયા તોય પાસે છે.
ગુણી ગૌમાત જેવાંની, જતાં કંગાલની વ્હારે;
કદી ફાંસી તણા ફંદે, ફસાયા તોય જીવતા છે.
બજાવી અન્યની સેવા રહ્યા સૌ દેવના જેવા,
પુરાણા લેખના શબ્દો ઘસાયા તોય જીવતા છે.
ઘણાએ દિન વીત્યા છે જગતને જેહ જીત્યા છે.
ભલે હંમેશને માટે ભુલાયા તોય જીવતા છે.
બચાવા જાન પોતાની, પડોસી અન્ય પોતાના,
અરે જે દેશને માટે, મરાયા તોય જીવતા છે.

મરવું ભલું

ગઝલ.

પડતાં પતિત થઈ ઝંટકે શુભ રાહપર સ્હડવું ભલું
જો માન ઇજ્જત ના જળે, જીવવા થકી મરવું ભલું

સાથે રહ્યાથી સ્હાયના,
છુટા થવાથી સ્હાયના,
મૈત્રી થકી અંધાયના,
ઇચ્છયું પછી કરવું ભલું.
જ્યાં સત્ય વદતાં દંડ છે
પ્રેમે રહ્યા પાખંડ છે,
નિજ સ્વાર્થ માટે સંગ છે,
એથી જુદા પડવું ભલું.
લેવા પુરાણા વેરને,
માગી પરાઇ મ્હેરને,
વર્તાવી કાળા કેરને,
હસવા થકી રડવું ભલું.
નિજ માતૃભૂમિ તારવા
ગૌ માતને સંભાળવા
કુજીઆ કુસંપી કાઢવા.
કહેવા થકી કરવું ભલું.
ભયથી મુગા ફરવું નહી,
ક્રુર દેખીને ડરવું નહી,
ડગ પાછળે ભરવું નહી,
ડુબવા થકી તરવું ભલું

મહાત્મા ગાંધી.

વસંતતિલકા.

ઓ કર્મવીર, પ્રિય, હિંદ તણા હિતસ્વી !
જ્ઞાની, ગૃહસ્થ, ગુરૂ, મિત્ર મહા તપસ્વી !
પાડયો પ્રકાશ સઘળે, બસ સત્યતાનો,
ઉચ્છેદ નિત્ય કરીયો, ખળ દુષ્ટતાનો.

૨

ત્યાગી વિલાસ જગ વૈભવ સંપતિને,
વાળી વિરાગ પથમાં મનની ગતિને,
સાધ્યો સૈદવ દ્રઢ સંયમ ઇંદ્રિયોનો,
તું વંદનિય પ્રિય, પૂજ્ય સહુ જનોનો.

૩

દુઃખી અનેક, નિજ બંધવ તારવાને,
ડુબી રસાતળ જતો, ધ્વજ ધારવાને,
સેતુ સમી સબળ, પાજ સમાજ બાંધી.
સાથી અનાથ જનના, ગુણવાન ગાંધી !

૪

સત્યાગ્રહી, અખિલ વિશ્વ, મહીં વિજેતા,
દેશી અપાર દળના, નરવીર નેતા;
ટાળી અનેક જનના, ઉરની ઉપાધી,
યોગી મહાન મહીમાં, ગુરૂદેવ ગાંધી.

૫

પૅરો ભરાઇ બનતાં, ઘટ પાપથી જ્યાં,
પ્રેર્યો પ્રયોગ સઘળે, સંતાપથી જ્યાં,
પેચી પ્રપંચ પડદા, પટ તોડવાને,
પાગટ્ય છે તુજ તણું. ઘટ ફોડવાને.

૬

ઉગ્યો પ્રદિપ્ત અરવિંદજ, હિન્દ કેરો,
અંધાર ગાઢ હરવા, જગનો ઘણેરો,
સચ્ચાઈ કષ્ટ સહતાં, સજી શાન્તતાને,
મ્હોટાઇ લેશ ધરતા, નવ એ **મહાત્મા**!

ત્હારી કૃતિ.

ગઝલ.

સુતેલા સર્પ સત્તાના, સપાટાથી રીબાઈને,
હજારો કેસરી કરથી, પ્રથમ જાગી જગાડ્યા ત્હેં!
ભૂલેલા ભાન પોતાનું, ડુબેલા ગાન ઘેલામાં,
સહુને મંત્ર કંઈ મોંઘા, સુણી સાચા સુણાવ્યા ત્હેં!
નથી સત્તા, નથી હિંમત, અમારી કામ કરવાની,
ભરેલી એજ બ્રમણાને, ભૂલી પ્હેલાં ભૂલાવ્યા ત્હેં!
ગરિબોને તવંગરની, સહીને નિત્ય આબાદી,

સ્વદેશી શુદ્ધ વસ્ત્રોમાં, સજી સાથી સજાવ્યા ત્હેં !
પ્રીતિને ન્યાય, નીતિના, ક્ષમા, દ્રઢ ધૈર્યતા કેરા,
સમત્વ ભાવ શાંતિના, પઢી પાઠો પઢાવ્યા ત્હેં !
હજારો કંટકો કેરા, ભરેલા રાહ રાનીમાં,
જ્હાં ફાની ગણીને તું, ગયો ચાલી ચલાવ્યા ત્હેં !
જગતના સર્વ દેશોથી, બનેલા સર્વદા બાતલ,
ઝળકતા દેશના ઝંડા, ગ્રહી હસ્તે ગ્રહાવ્યા ત્હેં !
મદે ભરપુર મસ્તીમાં, ફરે અલમસ્ત વસ્તીમાં,
ગુણે ગર્વિષ્ટ હસ્તીને, સખા **ગાંધી** હલાવ્યા ત્હેં !

ગાય માતા.

શિખરણી.

પ્રિયે પ્યારા પુત્રો, અરપણ કરે દેશ ચરણે,
સમર્પે છે સાચી, વિવિધ વિધ સેવા જગતને,
સદા પોષે પ્યારી, પય મધુર આપી મનુજને,
નમું દેવી નિત્યે, પદ મહીં ધરી શિર તુજને.

૨

અરે ખંતે ખેડે, તનુજ તુજ ઝાઝી જમીનને,
ધરી કંઠે ગાડી, ગમન કરતા રાત દિનકો.
કુપેથી પાણીને, જમીન પર ખેંચે પ્રણયથી,
સદા સંતોષે છે, જગત તુજ સાચા તનય એ.

૩
અમુલાં રત્નો છે, પ્રગટ તુજથી આ જગતમાં,
જીવાડે સૃષ્ટિને, જીવન નિજ આપી વખતને;
ગુણી ગૌ માતા છે, અધિક ઉપકારો તુજ તણા,
ભૂલે એ જે પાપી, જરૂર ખળ નાહાન નર છે.

૪
ખુની પુત્રો ત્હારી, ગરદન કરે કત્લ કરતા,
દયા દેવીને ના, હૃદય પટમાં લેશ ધરતા,
અરે ! હિન્દી લોકો, નિજ ધન હણે હસ્ત થકી જ્યાં,
પરાયા લૂંટે ત્યાં, નજર નવ આવે નવિન કૈં.

૫
જગે ત્હારી કિર્તી, યશ વિમળ ગાશું ગરવથી,
અતિ આબાદી છે, તુજ થકી અમારા સદનની.
બચાવીશું સ્નેહે, તનય તુજ છુરી કતલથી,
અને ત્હારાં દુઃખો, સહન કરી હરશું ભૂતલથી.

" બચાવો ગાય માતાને "

ગઝલ.

ખુની જુલ્મી થઈને કાં, સતાવો ગાય માતાને ?
હજારો કષ્ટથી હિન્દી, બચાવો ગાય માતાને.
તમારા દેશની લક્ષ્મી, જનેતા રંક રત્નોની,

બચાવો દેશના વીરો, બિચારી ગાય માતાને.
સહે સંકષ્ટ ઝાઝાં જે, ચહે છે દેશનું સારૂં,
તમે પુત્રો છતાં આવા બળાપો ગાય માતાને,
ખુની છે દેશના શત્રુ, કતલ જે ગાયને કરતા,
દઈ કાં તેહના હસ્તે, કપાવો ગાય માતાને ?
સુધા સંસારનું સાચું, મધુરુ દુધ આપે છે,
ગુમાવો કાં કતલ ખાને, અમુલી ગાય માતાને ?
કરે સંગ્રામ ખેતીનો, ખરે તન તોડ મહેનતથી;
અરે એ દેશના મિત્રો, તનુજો ગાય માતાના.
અરેરે ! દેહના દુઃખે, મરે છે કૈંક તો ભૂખે,
ત્હમે ! કાં હિન્દ વાસીઓ, વિસારો ગાય માતાને ?
તમારા દેશમાં દૈવી, રહી શક્તી દયા કેરી,
કૃતઘ્ની કાં બનો બંધુ, બચાવો ગાય માતાને ?

ગૌરક્ષા.

ભુજંગી.

કુળાં બાળને સ્વલ્પ આપી તજે છે,
ત્હમોને અતિ મીઠડું દુધ દે છે,
તનું દ્રષ્ટિ આગે સહે જુલ્મ આવો,
મળી હિન્દીઓ ગાય માતા બચાવો.

૨

પયે ઔષધીનું ખરૂં તત્વ આપે,
નહીં સાધ્ય એવાં ઘણાં કષ્ટ કાપે,
ત્હમે કાં અરે સ્નેહ સ્વાર્થી બતાવો ?
મળી હિન્દીઓ ગાય માતા બચાવો.

૩

સુપુત્ર તેના બળદો બીચારા,
ઘણાં કષ્ટ વેઠી કરે સેવ પ્યારા,
ગુણી ગાય વ્હારે પ્રિયે સર્વ ધાઓ,
મળી હિન્દીઓ ગાય માતા બચાવો.

૪

હજારો રૂડાં રત્નની ખાણ દેવી,
પ્રિયે વિસરો કાં ગુણી ગાય એવી,
દઈ કાં કરે કત્લખાને કપાવો
મળી હિન્દીઓ ગાય માતા બચાવો.

૫

ત્હમે વસ્તુ ઓછું નીરો તે જમે છે,
દમેના કદિએ સહુને ગમે છે,
દઈ સ્વલ્પ ખાવા ખરેકાં રીબાવો,
મળી હિન્દીઓ ગાય માતા બચાવો,

૬

કસાઈ કરમાં શિરએ દઈને
ત્હમે રાચતા શું કૃતઘ્ની થઈને,
ગુણી ગાય માતા વૃથા કાં ગુમાવો.
મળી હિન્દીઓ ગાય માતા બચાવો.

૭

હશે જેહને બાયલા પુત્ર ઝાઝા,
રડેને ભુખેથી મરે એ જનેતા,
વૃથા ડોળ ઘાલી કરો પુત્ર દાવો,
મળી હિન્દીઓ ગાય માતા બચાવો.

રૂદ્રમાળ.

રોળા વૃત્ત.

આવા કાં તુજ હાલ અરે ઓ રૂદ્ર મિનારા ?
આ તુજ મ્હોટાં હાડ ઘડાયાં આમ દટાવા ?
કે તુજનું ભંડાણ થયું કો માઠી પળમાં ?
સપડાયો શું અરે સમય કેરા ખપ્પરમાં ?

૨

ખંડિત આ તુજ ગાત્ર થયું છે કાળ સપાટે;
નિકટે વૃક્ષો વધી શિથિલ તુજ અંગને ઢાંકે;

ઢીલા પાદો જમીન વધી જઈ દિસતી દાટે,;
ઉપરે અશ્રુધાર વહે તુજ અસ્ત ઉચ્ચાટે.

૩

રોળાયા તુજ માટ રણે જઇ રાજ કુમારો,
રોળાયા તુજ સાથ ઘણાએ ભવ્ય મિનારો,
છે પડીયા જે રૂધિર ઉઝરડા આ તુજ અંગે
તેનો તુજનો નાશ થશે કો ઉગ્ર પ્રસંગે.

૪

જાશે આ તુજ સ્થાન થશે ત્યાં મેલ ઉકરડા,
ક્યાં તુજ નામ નિશાન કથેના કોઈ ઘરડા,
જમીન દોસ્ત થઇ રહ્યા સમાતુજ અન્ય મિનારા,
રે કાં જોઇ રડે દિનો આ દુઃખના ત્હારા.

૫

હું તું ને આ જગત જશે એ કાળ મુખે સૌ,
સૂર્ય ચંદ્ર નક્ષત્ર થશે લય કાળ મુખે સૌ,
કુદરતનો કાનુન ઘડાયો સ્હેજ મટેના,
પ્રિય તો તુજને પછી રૂદન ઘેલુંજ ઘટેના.

ચીતોડ ગઢ.

રોળા વૃત્ત.

મુલ્ક મહીં મશહુર ટેક નર પ્રતાપ કેરો,
ચીતોડ ગઢ પણ એક ઉભો છે અનુપમ એવો,
કિર્તી ગાન તુજ ગાય કવિજન કૈં'ક કવનથી,
માનું મુજને કૃત્ય ખરેખર તુજ દર્શનથી.

૨

અબરજાવાડા પડયા રખડતા આમ બીચારા,
રે ! કાં વસીયા રાય પ્રથમ અહીંયાં વસનારા,
અહીં તહીં સુતાં શાન્ત ભવ્ય આ શીવ સદન સૌ,
હાલ ન એક હયાત પ્રથમ કરતા પૂજન જે.

૩

કો બેઠાં કો ઉભાં હયાતી છે ભોગવતાં,
દિનદિન દુર્બળ થઈ કાળના મુખમાં પડતાં
પત્થર કેરા પુંજ પડે છે દ્રષ્ટિ આગે,
નીરખે સત્યાનાશ વળેલું મન વૈરાગે,

૪

કરતા ચગને વાત ઉભા છે બેઉ મીનારા,
નીરખી શોચો ભાઇ થશે શું હાલ તમારા,
આવાં મ્હોટાં ગાત્ર કાળ મુખમાં ગળશે શું ?
જમીન દોસ્ત થઈ મળી જઈ ધુળમાં ભળશે શું ?

૫

ભક્ત મીરાં ક્યાં ગઇ, ગઇ પદ્મિની દેવી,
પ્રતાપ કેરી માત, સમું જનની વીર કેરી,
ભોગવતી તું આજ, અમંગળ દુખના દહાડા,
સપુત શુરો એક રહ્યાના હાય બચાવા.

૬

અજીત ગઢ તું એક હતા રક્ષતો આગે,
સોંપ્યું તુજને જેહ રહ્યા રક્ષતો આજે,
શું બનીયો બેહાલ સદાનો નાથ વિયોગે,
આ જંગી તુજ દેહ ઢહાયો વા કો રોગે ?

૭

ન્હાના મ્હોટાં વૃક્ષ વસે, તુજ સાથ સદાએ,
સહતાં સુખ દુઃખ સાથ, કરે નિજફર્જ અદાએ;
વિસરાવા દિલ શોક ધોધ આ ગાન કરે છે,
ને સહુનો સંતાપ, જણાતો કૈંક હરે છે.

૮

સુંદર સરવર ભર્યાં, ઘણાં નિર્મલ જલ કેરાં;
ગીત મનરંજન માટ, પંખીડાં ગાય ઘણેરાં,
વિધવિધ રંગી રૂપે, માછલી આ જળમાં જો !
અજબ કરામત ઇશ તણી, ખેલા ફળમાં જો !

૯

અતિ નવરંગી પુષ્પ, આપતી વન રેલી એ

ફીકર કરે નવ કાલ તણી બાળા ઘેલીઓ,
કુદરત જો પરિપૂર્ણ રસે, આનંદ ભરેલી,
રસભર અંતર એજ, તજીદે ચિંતા ઘેલી.

૧૦

ના ના તજતો આશ, વીરોનું તુજ વતન છે,
પતન થતાં સૌ પાપ, જણાશે એજ જતન છે,
કો કાળ કદિ ગ્રાસ, કાળ મુખમાં થાશે તો,
યશ ઉજ્વળ તુજ સ્નેહ ભર્યાં જગજન ગાશે સૌ,

તાજમહાલ.

વસંત તિલકા.

ઓ ભવ્ય પ્રેમ પ્રતિમા, મુમતાજ કેરી!
સર્વાંગ સુંદર છબી, તુજની અનેરી,
ગીર્વાણ ગાત્ર વદતાં, કો કૈં રસાળું,
ને મુક્ત કંઠે કરતાં, યશગાન ન્હાળું.

(૨)

નિત્યે શું લેપન કરે, નવનિત અંગે?
કે કોતર્યો અરસ, પહાડ થકી ઉમંગે?
ચાં શુભ્ર આ તુજ વપુ, પય સ્નાનથી છે?
કો ચિત્રકાર દિલના, વરદાનથી છે?

(૩)

ક્યાં વિશ્વ આ, અજબ આદર મુકત જોતું ?
ક્યાં સ્હેજમાં નિરખતાં, હર કોઈ મ્હોતું ?
છે શું અહા, સબળ મોહીની મંત્ર સાધ્યો ?
કે દેવકો, અસહ્ય કષ્ટ સહી ઉપાસ્યો ?

(૪)

કારીગરે વિવિધ, રંગીન પત્થરોને,
બુદ્ધિ બળે, અમુલ રત્ન સમા કરેલા,
છે તે થકી સૃજીત, સુંદર જાળીઓને,
દેદિપ્યમાન દિસતી, દ્રય કબ્ર જોડી.

(૫)

છે વિસ્તરી, અજબ રંગીન વેલીઓને,
પુષ્પો સહીત રચિયા, કંઈ છોડવાઓ,
શીલ્પી કળા, નિપુણ હસ્ત તણી કસોટી;
મુર્તિ મહાન જગમાં, બસ તુંજ મ્હોટી.

(૬)

દીઠાં હશે, મનહરાં અદ્ભૂત મકાનો,
દીઠાં હશે, પ્રબળ મંદિરને મહાલો,
દીઠી ન કો તુજ સમી, સ્હી આલ્હ્લોમાં,
છે સર્વ માન્ય, તુજ તાજ કબ્રિસ્તાનોમાં.

(૭)

જ્યોતિ પ્રકાશ થકી, શાહ તણા સુયત્ને,
પ્રેરી પ્રદિપ્ત પ્રતિભા, પુરૂષાર્થ પ્રેમે,
સંગીન એ, સબળ સાચા તંતુઓની,
આ ભવ્ય પ્રેમ પ્રતિમા, મુમતાજ કેરી !

(૮)

ખંતી અને ધીરજ ધારક ચિત્રકારો,
છોડી ગયા, અખુટ કિર્તી તણો ખજાનો,
લક્ષ્મીતાણું સદન, શાન્ત સુહાય ચિત્તે,
આપે સ્મૃતિ, અનુપ પ્રાચિન હિન્દની કૈં.

(૯)

ભંડાર એ, અખૂટ લક્ષ્મી તણા ગયા ક્યાં ?
કારીગરો પ્રથમના, જઈને રહ્યા ક્યાં ?
ભોક્તા અનેક, રિધ સિદ્ધ તણા નીરાંતે,
એ બાદશાહ બળીયા, જઈ ક્યાં વસ્યા છે ?

(૧૦)

વસ્ત્રો વિના અહુરનિશ, કૈં નગ્ન રહેતા,
સખ્તાઈ શાન્ત મનથી, સઘળી સહેતા;
ભૂખે અનેક રંવડે, તુજ બાળ આળા,
સ્વર્ગિય ભારત ભૂમિ, તુજ હાલ આવા ?

સ્વરાજ સિદ્ધિ.

સવૈયા.

બસો વર્ષ ગુમાંમાં વિત્યાં સ્વતંત્ર થાતાં થશે હજાર;
ભાષાને ભાષણની ભુલો જોવા પ્હેલાં કરો વિચાર;
વાત મહીં વહી રાત પછી તો વેષ ઘણા ક્યારે ભજવાય;
આપ મુઆ વિણ હિન્દવાસીઓ સ્વર્ગ મહીં કદીએ ન જવાય.

૨

સર્વ થતા આરંભે શુરા સિદ્ધિ હુવેના દૂર લગાર;
વક્ષ વિતે જવ પાછળ હઠતા રખે શિરપર આવે ભાર;
વદે બોલ તો વાઘ સમા પણ ભય દેખી બકરી બની જાય;
આપ મુઆ વિણ હિન્દવાસીઓ સ્વર્ગ મહીં કદિએ ન જવાય;

૩

આ કરશે ને તે કરશે નવ નિજ જાતે લવ કષ્ટ સહાય,
કોના માટે છે કરવાનું કેમ ઉંઘો તે નવ સમજાય;
શોચનીય આ સ્થિતિ આપણી સાંભળતાં નવ કોણ દુખાય,
આપ મુઆ વિણ હિન્દવાસીઓ સ્વર્ગ મહીં કદિએ ન જવાય.

૪

કરી શકે નવ સજ્ય જાતપર દેશતણું તે કેમ સધાય,
ચુલાથી ઓલાની માંહી પડવા જેવો એતો ન્યાય;
સ્વરાજ્ય આપ્યું નહી આવશે માગ્યાથી પણ ના મેળવાય,
આપ મુઆ વિણ હિન્દવાસીઓ સ્વર્ગ મહીં કદિએ ન જવાય.

૫

અન્યાય નહી કરવો કદિએ નવ અન્ય થકી સહુવો અન્યાય,
પ્રજા મહીં એ સુત્ર ઉતરતાં તુર્ત દેશની ચઢતી થાય;
અપમાનિત થઈ અન્ય પાસ જઈ હસ્ત ધરે નવ અર્થ સધાય,
આપ મુઆવિણ હિન્દવાસીઓ સ્વર્ગ મહીં કદીએ ન જવાય,

" સ્વર્ગીય ભારત ભૂમિ તુજ—હાલ આવા "

વસંત તિલકા.

ક્યાં એ ગયા અખૂટ લક્ષ્મી તણા ખજાના ?
મ્હેલો મહાન મળીઆ, કંઈ એ મઝાના ?
સૂતા જઇ કંઈ અહા, તુજ રાવ રાણા ?
" સ્વર્ગીય ભારત ભૂમિ, તુજ હાલ આવા "

(૨)

વિખ્યાત એ, મયુર આસન વિશ્વમાં જે,
વેરાન જંગલ મહીં, જઇ ક્યાં હટાયું ?
દિનો અનેક ગુજર્યા, તુજ શિર કાળા,
" સ્વર્ગીય ભારત ભૂમિ, તુજ હાલ આવા "

(૩)

શૂરા તનુ તુજતણા, જઈ ક્યાં ફસાયા ?
કીર્તિ મિનાર તુજના, પ્રિય કાં ઘસાયા ?
ચોપાસ આગ સળગી, નવ કો બુઝાવા,
" સ્વર્ગિય ભારત ભૂમિ, તુજ હાલ આવા "

(૪)

કંગાલ બાલ તુજ, માલ વિહીન છે કાં ?
નિર્માલ્ય હાલ દુઃખી આ, સહુ દિન છે કાં ?
લાગ્યા ધનાઢ્ય સહુ, રંક જનો રીબાવા;
" સ્વર્ગિય ભારત ભૂમિ, તુજ હાલ આવા "

(૫)

રે ! રે ! લડે સ્વજનમાં, કંઇ ઝેર ધારી,
ખુશી થઈ મલપતા, કંઇ વેરવાળી;
બ્હાદુર બોલ વદતા, બળીયા બતાવા,
" સ્વર્ગિય ભારત ભૂમિ, તુજ હાલ આવા. "

(૬)

વસ્ત્રા વિના અહર નિશ, કૈં નગ્ન રહેતા,
સંતાઈ શાન્ત મનથી, સઘળી સહેતા;
ભૂખે અનેક રવડે, તુજ બાળ બાળા,
" સ્વર્ગિય ભારત ભૂમિ, તુજ હાલ આવા. "

———o———

આગળ વધો ! આગળ વધો !

હરિગીત.

ગૌરવ ચહો જો દેશનું, જ્ઞાતિ, કુટુંબી, ગામનું,
વૃદ્ધી ચહો વ્યાપારની, વળી સુખ ઈચ્છો દામનું;
શાન્તિ સબળતા સાધવા, સત્યાગ્રહી સાચા થજો,
નિજ તંત્ર મેળવવા સહુ, આગળ વધો ! આગળ વધો !

(૨)

પરતંત્રના પીંજર મહીં, પુરાઇ રહેવું ક્યાં સુધી ?
માતા તણું અણછાજતું, અપમાન સ્હેવું ક્યાં સુધી ?
નિજ આશ્રયી થાવા અહા, સૌ સત્યનાં શસ્ત્રો સજો !
તમ આત્મ બળ અજમાવવા, આગળ વધો ! આગળ વધો !

(૩)

વાત્સલ્યતા ભૂમાતની, વિસરો નહી વીર હિન્દીઓ !
તમ તિવ્ર તેજ પ્રભા પ્રચારો, પ્રાણ જાતાં હિન્દીઓ !
હરકત હજારો આવતાં, હિંમત કદી નવ હારજો,
આશા નિરાશાને તજી, આગળ વધો ! આગળ વધો !

(૪)

પ્રગતી પ્રદેશે પૃથ્વીની, સર્વે પ્રજાઓ દોડતી,
રે ! ભાર્તવાસી ભ્રાત નવકાં, આંખ તમ ઊંચી થતી ?
છે સમય આવ્યો હસ્તમાં, શુભ કાળ સર્વે સાધજો ?
અબળાપણું અળગું કરી, આગળ વધો ! આગળ વધો !

(૫)

ધરી વીરતા વિજેતાઓ, વિરાજ્યા અગ્રમાં આવી;
સરવના હિતના રીતિ, રહ્યા છે જેહુ બતલાવી;
ધરીને બાંહ્ય બંધુની સદા, શઠતા થતી સંહારજો,
મન, વચન, કાયા, કર્મથી, આગળ વધો ! આગળ વધો !

ગર્વિષ્ટ અધિકારીને.

મનહર.

બુટ અને સોટી લાલ, હસ્તમાં રૂમાલ લાલ;
લાલ એક ભાલ મહીં, ટીલડી લગાવતા.
મુખ લાલ ગાલ લાલ, નયન બનાવી લાલ;
માલ કલદાર માટે, લાકડાં લડાવતા.
સલામ સાહેબજી, પ્રણામ પરદેશી ખાસ;
દાસ જાણી દેશીઓને, અચુક અડાવતા.
ધરી અધિકાર કરી, પ્યારનો પ્રકાશ નાશ;
ત્રાસ દરશાવી દામ, દિનના કઢાવતા.

(૨)

ગણો બાદશાહી તમે, બંધુઓને પીડવામાં;
પ્રજાના પગારદાર, પ્રજાના ગુલામ છો.

ચાંચીઆ સમાન ચોર, વૃત્તિ ચિત્તમાંહી ધરો;
લાંચીઆ ન અશ્વ તમે અશ્વની લગામ છો.
મફતનો માલ મન માનતો કમાઇ ખાઈ;
સાંઢીયા હરાયા જેવા, બનેલા હરામ છો.
બતાવો દમામ પણ દાસ તમે દેશીઓના;
જામના હજામ તમે જાતે નહીં જામ છો.

હૃદય દિવાન.

મનહર.

સ્વદેશના હિતમાં વિશેષ, ચિત્ત ધર્યું નહી,
વારસ વિદ્યાના બન્યા, કહો શું ઉકાળવા ?
અનાથોના નાથ, બનવામાં ધન ધર્યું નહીં;
બન્યા ધનવાન, દિન પાળવા કે મારવા ?
કળાવાન થઈ કળા, કોઇને બતાવી નહીં.
કળાવાન બન્યા છો, બચાવવા કે બાળવા ?
ભાષણ ભલેરાં ભણી, ભારે ભારે ભેટ કરી;
ધર્યા ઇલિકાબ રે ! ડુબાવવા કે તારવા ?

(૨)

પ્રપંચે પ્રવીણને, અમીર જેવી વાત કરો.

ડરો નહીં દિલ મહીં, દેશીને દબાવતાં,
દમામમાં દાદ નવ, ધરો દિન કેરી દિલ,
ઢીલ નવ કરો, લાત મારીને સતાવતાં.
બહુ બહુ શોરને, બકોર કરો જોર કરી,
વળી નવ જુઓ નિજ રોફને બતાવતાં,
દેશીઓના હામ હરવામાં, હામ ધરો જેમ;
રાંક પતિ રીઝે નિત, રાંડને રડાવતાં.

(૩)

કળાધર બની કળા, અનેક પ્રસારી કરે,
કળાવાન અવર બનાવા, કળા આદરો.
સ્વદેશી દરેકનું, હરેક રીતે હિત ચહી,
ગ્રહી હિતકર પંથ, પ્રીતે પાદને ધરો;
તજીને ગુમાન, અભિમાન, માન, મદ, તજી;
પરાર્થે પ્રાણ કુરબાન, પ્રીતથી કરો.
કલેશ લવલેશ નવ, ધરો દ્વેષ દિલ મહીં;
હમેશ દેશ હિતમાં, વિશેષ વિત્ત વાવરો.

(૪)

બની વીર ધીર ધરી, નવલ કળાઓ કરી,
ફરી ફરી અરી કેરૂં, પતન કરો વળી.
જનની ઉદ્ધારવા, વધારવા ને વીરધીર;
સમિર સમાન ગતિ, ત્વરિત ધરો વળી.

વિચરી વિદેશ ચિત્ત, આણવું સ્વદેશ મહીં;
આર્ય કેરા તાપના, પ્રતાપને ફરો ધરી.
ખલકમાં ખાનદાન, દેશનું તપાસી માન
ધ્યાન દઈ જાળવો, સ્વદેશી સંપથી મળી.

કળાકૃતિ.

મનહર.

કળાથી કઠણ કામ, સ્હેજમાં સરે તમામ;
કાળની વિશાળ ગતિ, કળાથી કળાય છે.
સિંધુની સપાટીપર, સફર સુ રીતે થાય;
ગમન ગગન મહીં, કળાથી કરાય છે.
ઉપણતા ઉંચાઈ, ને ઉંડાઈ સમજાય ભાઈ;
કળાથી મહાન મહી, માપમાં મપાય છે.
કળાથી અકળ કૃતિ રવી શશી તારકોની;
અનિલ સલિલ તણી, શક્તિ પરખાય છે.

(૨)

જળ સ્થળ કળથી, પમાય પરિશ્રમ વિના;
જોરાવર જગ્ગ જન, કળાથી જીતાય છે.
કળાથી સુણાય ગાન, જુઓ જડ વસ્તુ થકી,

રસિક ભાષાની મહીં, ભાષણ ભણાય છે.
વિકટ વિદેશમાં, વિલંબ વિણ વિચરાય,
વિદેશી વિશેષ દામ, કળાથી કમાય છે.
કળાહિન દેશનો, દેદાર દીન દર્શ થાય,
સુખનાં સમસ્ત મૂળ, કળામાં સમાય છે.

(૩)

દારિદ્રના દુઃખથી, બચાવવા અનેક જન,
કમાઈ વધારવા, કળાધરો કળાકરો !
કળાલય સ્થાપવાને, કાપવા કુચાલ ઘણા,
હજારોના હિત માટે, હામ હોંશથી ધરો ?
વિદ્યાને વધારવા, સુધારવાને સુંદરીઓ,
વીરત્વ બતાવી વીર, આર્ય તનુ વિચરો !
તેલને ફુલેલ ધરી વ્યાળ સમ વાળ કરી,
ફક્કડ બનીને આપ, ફોગટમાં કાં ફરો ?

અન્યાય.

ચોપાઈ.

ઘર વેચીને તીરથ કરો, ભેટ કરીને ભુખે મરો,
અંધ દેવને શ્વાનજ ખાય, દેખીતો એ તો અન્યાય.

વરકન્યા ખાડામાં પડો, ગોર તણું તરભાણુ ભરો,
કપટી ઝાઝા દામ કમાય, દેખીતો એ તો અન્યાય.
સાચો ને સદ્‌ગુણ ભંડાર, સત્ય સમક્ષ નહીં વદનાર,
પૂર્ણ રીતે તે ના પોષાય, દેખીતો એ તો અન્યાય.
ફકીર જેવા થઇને ફરો, દાગીના પર દેવા કરો,
કારજ આવ્યું ના રોકાય, દેખીતો એ તો અન્યાય.
દુઃખ સમયમાં સ્હાયક થાઓ, ગાયેલું મુખેથી ગાઓ,
ભલે તમારાં સુખડાં જાય, દેખીતો એ તો અન્યાય.
કષ્ટ સહીને ખેતી કરો, પાકે તે સઉ અમને ભરો,
લાભ જતાં મુડી લુંટાય, દેખીતો એ તો અન્યાય.
હોદ્દા પર બેસાડ્યા પછી, શિર કાપો રૈયતનાં ઘસી,
આખો રાજા દાસ ગણાય, દેખીતો એ તો અન્યાય.
ઘરના ઠાકોર ઠાલા ગણી, દોડે જ્યાં ત્યાં બીજા ભણી,
ભક્તિમાં ભરમાવો થાય, દેખીતો એ તો અન્યાય.
બ્હેન કહી બોલાવો આપ, બાઇ તમોને કે'છે બાપ,
પતિ પત્નિની ચાલ ચલાય, દેખીતો એ તો અન્યાય.
મંડળ ભક્તિ કરવા મળે, પરનિંદા પાછળથી કરે,
મૂળ તજીને ડાળાં સ્હાય, દેખીતો એ તો અન્યાય.

ભુલશો નહીં !

ભુલી જજો ભુલી જજો ભ્રમણા ભલે સંસારની;
છો વિસ્મૃતિ થાતી ભલે ગૃહનાર કે પ્રિય બાલની.
ભુખે મરે રખડી ફરે,
વસ્ત્રો વિનાનાં આથડે;
દિન દેશ બંધુઓ રડે,
પળ એક પણ ભુલશો નહી.

ભુલી જજો ભુલી જજો ભોગો વિલાસો સામટા,
દુનીઆ ભલે ડુબી જતી જલ્લાદ પાપી ના થતા.
સંપૂર્ણ શ્રદ્ધા આપમાં,
જેની રહી છે સર્વદા,
નિર્દોષ એ બાલક તણી,
જીવન કલી ભુલશો નહી.

ભુલી જજો ભુલી જજો ખાવા પીવાનું એ કદી,
ન્હાવા સુવાનું ના બને ના ઇશની માળા ભજી.
જેના ઉદરથી જન્મ પામી,
ને ઉછંગે ઉછર્યા,

ઉપકાર એ જનની તણા,
સ્વપ્ને કદી ભુલશો નહી.
ભુલી જજો ભુલી જજો વાડી વજીફા મ્હેલને,
આફત શીરે આવી પડી કરવી તજી દો સ્હેલને.
અતિ દૂર વિદેશે જજો,
કદી ત્યાં તણા વાસી થજો,
પણ માતૃ ભૂમિને માતૃ ભાષા,
મરતાં સુધી ભુલશો નહી.
ભુલી જજો ભુલી જજો ભ્રમણા ભલે સંસારની,
છો વિસ્મૃતિ થાતી ભલે ગૃહનાર કે પ્રિય બાલની.

સંભાળજે !

જો ઇશ્વરે આપ્યું ત્હને, તો રંકને સંભાળજે,
હિસ્સો મહીં છે સર્વનો ઘટતું સહુને આલજે.
લાચાર જેને હસ્ત ના,
તાકત નથી પદથી જવા,
આવે કદી એ યાચવા,
ખુરૂ વદી ના બાળજે.

જ્યાં રંક બંધુઓ દુઃખી,
જમતા જહીં અદકા લુખી,
ત્યાં મોજ શોખોમાં ઝુકી,
મ્હોટો બની ના મ્હાલજે.

ઘેલો મદાંથી ના થતો,
બદીમાં કદીએ ના જતો,
ના કોઈ કે' બુરો હતો,
એવી નીતિથી ચાલજે.

રીતિ રીવાજો ધર્મના,
જુજવા પ્રકારો કર્મના,
જ્ઞાતા થઈને મર્મના,
પ્રેમે સહુ એ પાળજે.

લેજે સમ તું સખ્તને,
દેજે સલામો વખ્તને,
વળગીશ ના આ જગ્તને,
તેની તમાને ટાળજે.

તજશો નહી !

બોલ્યું વચન જે મુખથી દુઃખ આવતાં તજશો નહી,
સત્કર્મ આચરવા પછી સુખ સૌ જતાં તજશો નહી.

હસ્તે ધરેલા કર્મને,
કરતાં અહો નિજ ધર્મને,
લાગી જવાથી શર્મને,
નવ ફાવતાં તજશો નહી.

જેવું કરજ સાલે શીરે,
લાગે ગરજ મીઠી દિલે,
તેવી ફરજ સહુના શીરે,
સુખીઆ થતાં તજશો નહી.

વાંચો શીખો કે અનુભવો,
સજ્જન થકી વા સાંભળો,
દુનીઆ મહીં જે કૈં કરો,
શુભ જાણતાં તજશો નહી.

કરી સ્હેલ બહુ ગાડી તણી,
ખુશબો લીધી વાડી તણી,
યાદી દુઃખી માડી તણી,
સુખ મ્હાણતાં તજશો નહી.

ઉત્કર્ષના ઉદ્યાનને,
રક્ષક રહેલાં મ્યાનને,
નિજ દેશના અભીમાનને,
શીર કાપતાં તજશો નહી.

સુચના.

ગઝલ.

નકો મ્હોટા અમારાથી, અમે ના કોઇથી મ્હોટા,
કદી કો આવશે મ્હોટા, થતા તો ફાવશે નાના.
તમારામાં નહી શ્રદ્ધા, અમારી સર્વદા માટે,
ચતુરાઇ તણી વાતો, હવે તો ચાલશે નાના.
હતા જે છોડવા લીલા, સુકાયા સખ્ત ગરમીમાં,
જમીને રોપવાથી એ, ફરીથી ફાલશે નાના.
સહુની એક સંપીનાં, હતાં જે મૂળ ઉંડાણે,
ઉખાડી નાખીયાં તે તો, ઉંડી જડ ઘાલશે નાના,
હતી તરવાર તીણી જે, બનેલી સર્વના બળથી,
બુઠી તે આપલા હસ્તે, કદી એ કાપશે નાના.
મીલાવેલી અળી ચીણી, વિનાં ઉસ્તાદ ઉરેથી,
સ્વરો દેવી મધુરાએ, કદી આલાપશે નાના.

